સુવિચાર

સંબંધોમાં ગુસ્સો નહિ, સમજણ જ રાખવી...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com




મીરા ઉદ્યોગનગરમાં થયેલી ઘરફોડ ચોરીની ત્રણ મહિના બાદ અંતે થોરાળા પોલીસે ફરીયાદ નોંધી P-4

Year-16, Issue-206 ■ DATE : 13-12-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અંતિમ સુનાવણી વાળા કેસમાં મર્યાદીત સમયમાં દલીલો પુરી કરવી પડશે

## આગામી માસથી દરેક કેસમાં વકીલોને મૌખીક દલીલ માટે સમયમર્યાદા લાગુ કરાઇઃ ગરીબોનો સમય બરબાદ થઇ રહ્યો છેઃ મુખ્ય ન્યાયધીશ સુર્યકાંતે નિયમો જાહેર કર્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રેલવે દુર્ઘટનામાં મૃત્યુ પામેલા વ્યક્તિના પત્નીને વળતર રકમ મેળવવા ૨૩ વર્ષ સુધી કાનુની લડાઈ લડવી પડી તેના પર મુખ્ય ન્યાયમૂર્તિએ દેશમાં કાનુની મુકદમામાં કઈ રીતે ગરીબોને ન્યાય માટે સહન કરવું પડે છે તે દર્શાવે છે તેવું મંતવ્ય વ્યક્ત કરીને હવે આગામી માસથી દરેક કેસમાં ધારાશાસ્ત્રીને મૌખીક દલીલ માટે સખત સમય મર્યાદા લાગુ કરવાની જાહેરાત કરી હતી.

સુપ્રીમ કોર્ટ ૨૩ વર્ષ સુધી વળતરની રાહ જોનાર મહિલાને રૂા.૮ લાખનુ વળતર તાત્કાલીક ચુકવવા આદેશ આપવાની સાથે કેસ કઈ રીતે એકથી બીજી અદાલતમાં લંબાતો ગયો તે જાણીને આશ્ચર્ય દર્શાવ્યુ હતું. તેઓએ કહ્યું કે અમીરો તો સિનીયર ધારાશાસ્ત્રીઓની ફોજ રોકી એક બાદ બીજી અદાલતમાં પહોંચી જાય છે પણ તેનાથી ગરીબોને 'સમય' ઝુટવાઈ જાય છે.

ચીફ જસ્ટીસે દેશમાં ચાલી રહેલી મતદાર યાદી ગહન પુનઃ નિરીક્ષણના કેસમાં જે રીતે ધારાશાસ્ત્રીઓ લાંબી-લાંબી દલીલો કરી રહ્યાં છે તે પુરી રીતે અન્યાય અને અસંગત છે. એક ગરીબ વ્યક્તિ ન્યાય કે વળતર માટે અદાલતમાં આવે છે પણ કેટલાક મશહુર વડીલો જે રીતે કલાકોના કલાકો દલીલો આપે છે તેથી ગરીબોના કેસ લઈ શકાતા નથી અને તેમાં નિરાશ થઈને પરત જાય છે.

મુખ્ય ન્યાયમૂર્તિએ કહ્યું કે કોઈપણ ધારાશાસ્ત્રી પોતાની રીતે દલીલ દઈ શકશે નહી. નવા નિયમ મુજબ દરેક ધારાશાસ્ત્રીએ અંતિમ સુનાવણીવાળા કેસમાં લેખીતમાં રજુઆત કરવી પડશે અને તેમાં મૌખિક દલીલ કેટલા સમયમાં પુરી કરશે તે દર્શાવવાનું રહેશે. જેમાં અંતિમ તબકકામાં કોઈ સુનાવણી સ્થગીત રખાશે નહી.



ધારાશાસ્ત્રીએ ફરજીયાત સમય મર્યાદાનું પાલન કરવું પડશે. આ ઉપરાંત એ પણ ફરિયાદ રહી છે કે કેટલાક સ્ટાર ધારાશાસ્ત્રી અને કેટલાક એકટીલીસ્ટ કલાકો સુધી દલીલ આપે છે અને વારંવાર જાહેર હિતની અરજીઓ કરે છે જેના કારણે નિયમીત કેસ સતત પાછળ ધકેલાતા જાય છે અને અનેક વખત આ પ્રકારની અરજીઓ દાખલ નહી કરનાર ધારાશાસ્ત્રી પર અસંવેદનશીલતાનો આરોપ લાગે છે.

મુખ્ય ન્યાયમૂર્તિએ કેટલાક ધારાશાસ્ત્રીઓ પોતાનો કેસ પહેલો લેવાય તેવા જે વિશેષાધિકાર જમાવે છે તેનાથી કેસની સમતુલા ખોરવાય છે જેના કારણે જ આ પ્રકારે ૨૩-૨૩ વર્ષ સુધી મહિલાને ન્યાયની રાહ જોવી પડી હતી.

તેઓએ કહ્યું કે જે મહિલાની વળતર અરજી હતી એ પણ અદાલતી પ્રક્રિયામાં ફસાયા બાદ નિરાશ થઈ હતી અને તેને શોધવા જવું પડયું હતું. તેનુ ખાતુ ખોલાવવું પડયું અને રકમ જમા કરાવાઈ હતી તે સમયે તેના ચહેરા પર જે ખુશી હતી તેજ ન્યાયતંત્રનું અસલી કામ છે. આ કેસ લડનાર ધારાશાસ્ત્રીએ પણ કોઈ ફી લીધી નહી અને પોલીસ સહિતના અધિકારીઓએ પણ ગરીબ મહિલા માટે સતત મદદ કરી હતી.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૭૮/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૪૭/લીટર |
| CNG | રૂ. ૭૯.૨૬/કિલો |






| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૩૩,૨૬૦ | ₹૨,૦૪,૧૦૦ |
| | +૧૦ | +૧૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૫૫ | ₹૧૨૧.૦૪ |

# વિમાની ભાડાને લઇ ઉડ્ડયન મંત્રીએ હાથ ઉંચા કર્યાઃ આખુ વર્ષ ભાડા પર નિયંત્રણ કરવું શકય નથી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ લોકસભામાં જણાવ્યું હતું કે સરકાર માટે દેશભરમાં હવાઈ ભાડા મર્યાદિત કરવા શક્ય નથી , કારણ કે તેઓ દલીલ કરે છે કે નિયંત્રણમુક્ત બજાર આખરે ગ્રાહકોને ફાયદો કરાવે છે અને તહેવારોની મોસમ દરમિયાન ટિકિટના ભાવ સામાન્ય રીતે વધે છે.

'ઉત્સવની મોસમમાં સામાન્ય રીતે ચોક્કસ રૂટ પર અને ચોક્કસ સમયે માંગ વધવાને કારણે હવાઈ ભાડામાં વધારો થાય છે. આ વધઘટ મોસમી હોય છે, અને કોઈપણ ક્ષેત્ર પર આખા વર્ષ માટે ભાડાને મર્યાદિત રાખવાનું શક્ય નથી. બજારની માંગ અને પુરવઠો સ્વાભાવિક રીતે જ હવાઈ ભાડાને પોતાના પર નિયંત્રિત કરે છે,' મંત્રીએ જણાવ્યું.

ઈન્ડિગો કટોકટી વચ્ચે, જેના કારણે ટિકિટના ભાવમાં વધારો થયો હતો, હવાઇભાડા નિયમનની માંગ કરતી ખાનગી સભ્યના બિલનો જવાબ આપતા, મંત્રીએ ભાર મૂક્યો કે નિયંત્રણમુક્તિનો



મુખ્ય વિચાર યથાવત છે, અને 'જો આપણે નાગરિક ઉડ્ડયન ક્ષેત્રનો વિકાસ ઇચ્છીએ છીએ, તો સૌથી મોટી જરૂરિયાત તેને નિયંત્રણમુક્ત રાખવાની છે જેથી વધુ ખેલાડીઓ બજારમાં પ્રવેશ કરી શકે'. જોકે, નાયડુએ સ્પષ્ટતા કરી હતી કે કંપનીઓ માટે આ સ્વતંત્રતા નથી, કારણ કે કેન્દ્ર પાસે જરૂર પડ્યે હસ્તક્ષેપ કરવાની પૂરતી સત્તાઓ છે.

'બજાર નિયંત્રણમુક્ત હોવા છતાં, એરક્રાફ્ટ એક્ટ તેના વર્તમાન સ્વરૂપમાં કેન્દ્ર સરકારને અસાધારણ પરિસ્થિતિઓમાં જ્યાં દુરુપયોગની શક્યતા હોય ત્યાં હસ્તક્ષેપ કરવા અને વસ્તુઓને સુધારવાનો અધિકાર આપે છે. આમાં મુસાફરોને તકવાદી ભાવોનો ભોગ ન બને તે સુનિશ્ચિત કરવા માટે ભાડાની મર્યાદાનો સમાવેશ થાય છે,' તેમણે સમજાવ્યું.

તાજેતરમાં ફ્લાઇટ રદ થવાના કારણે દેશમાં હવાઈ ભાડામાં તીવ્ર ઉછાળો આવ્યો છે, જેના કારણે ખાનગી સભ્યનું બિલ અને મંત્રીનો પ્રતિભાવ આવ્યો છે. સરકારે તેને 'તકવાદી ભાવનિર્ધારણ' ગણાવીને હસ્તક્ષેપ કર્યો અને એરલાઇન્સને વધુ પડતી ઊંચી કિંમતો વસૂલતા અટકાવવા માટે ભાડા સ્લેબ રજૂ કર્યો.

ઉડ્ડયન મંત્રીએ ધ્યાન દોર્યું કે કોવિડ કટોકટી, મહાકુંભ અને પહેલગામ આતંકવાદી હુમલા દરમિયાન, જ્યારે માંગ અસામાન્ય રીતે વધુ હતી, ત્યારે સરકારે હસ્તક્ષેપ કરવા માટે તેની વિશિષ્ટ સત્તાઓનો ઉપયોગ કર્યો, જેનું તાજેતરનું ઉદાહરણ ઈન્ડિગો કટોકટી છે.

# ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિ તા.૧૬થી ૧૮ ડિસેમ્બર સુધી ૪ જિલ્લાના અભ્યાસ પ્રવાસે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિ તા. ૧૬ થી ૧૮ ડિસેમ્બર-૨૦૨૫ દરમિયાન સૌરાષ્ટ્ર વિસ્તારના જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને ગીરસોમનાથ જિલ્લાના અભ્યાસ પ્રવાસે જશે. જે અંતર્ગત આ સમિતિ અભયારણ્ય અને મરીન નેશનલ પાર્ક સહિતના વિવિધ સ્થળોની મુલાકાત કરીને સામાજિક વનીકરણ, વૃક્ષારોપણ, દરિયાઈ સૃષ્ટિના જતન-સંવર્ધન, એશિયાટિક સિંહોના વ્યવસ્થાપન સહિતના મુદ્દાઓ પર સંબંધિત અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરશે. આ ઉપરાંત સમિતિના સભ્યો સ્થાનિક નાગરિકો સાથે વિવિધ મુદ્દાઓ પર સંવાદ કરશે તેમ, ગુજરાત વિધાનસભા સચિવાલયની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર, આ સમિતિ સંભવિત તા.



૧૬ ડિસેમ્બર, મંગળવારના રોજ જામનગર ખાતે આવેલા વનતારાની મુલાકાત લેશે. બીજા દિવસે તા. ૧૭ ડિસેમ્બરના રોજ દેવભૂમિ દ્વારકા ખાતે આવેલા મરીન નેશનલ પાર્ક અને પોરબંદરના બરડા અભ્યારણની મુલાકાત લેશે. પ્રવાસના અંતિમ દિવસ એટલે કે તા. ૧૮ ડિસેમ્બરના રોજ આ અંદાજ સમિતિ સોમનાથ મંદિર અને સાસણ ગીરની મુલાકાત લેશે.

# H1B વિઝા પર ફી વધારી પોતાના જ દેશમાં ઘેરાયા ટ્રમ્પ

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકામાં H-1B વિઝાની ફીને લઈને ટ્રમ્પ પ્રશાસનનો તાજેતરનો નિર્ણય રાજકીય અને કાનૂની ચર્ચાનો મોટો મુદ્દો બની ગયો છે. ટ્રમ્પ પ્રશાસન દ્વારા H-1B વિઝા પર ૧ લાખ ડોલર એટલે કે આશરે ૮૩ લાખની મોટી ફી લગાવવાના નિર્ણય વિરુદ્ધ હવે ખુદ અમેરિકાના ૨૦ રાજ્યોએ કોર્ટમાં કેસ કર્યો છે. આ રાજ્યોનું કહેવું છે કે આ નિર્ણય ગેરકાયદેસર છે અને તેનાથી શાળાઓ, હોસ્પિટલો અને અન્ય જરૂરી સેવાઓમાં સ્ટાફની અછત વધુ ગંભીર બનશે.

આ કેસ હોમલેન્ડ સિક્યુરિટી ડિપાર્ટમેન્ટની તે નીતિની વિરુદ્ધ છે, જેમાં H-1B વિઝા માટે અરજી કરનારી કંપનીઓ પાસેથી ખૂબ ઊંચી ફી લેવાની વાત કહેવામાં આવી છે. H-1B વિઝાનો ઉપયોગ સામાન્ય રીતે હોસ્પિટલો, યુનિવર્સિટીઓ અને સરકારી શાળાઓ જેવી સંસ્થાઓ વિદેશથી કુશળ કર્મચારીઓને રાખવા



માટે કરે છે.

H-1B વિઝા ફીમાં વધારો કરવાના ટ્રમ્પના નિર્ણય વિરુદ્ધ, ૨૦ રાજ્યોએ કોર્ટમાં મજબૂત કાનૂની દલીલો રજૂ કરી છે. તેમનું કહેવું છે કે, 'આ નિર્ણય પ્રશાસનિક પ્રક્રિયા કાયદા(Administrative Procedure Act)નું સ્પષ્ટ ઉલ્લંઘન કરે છે, કારણ કે આટલો મોટો નીતિગત ફેરફાર કરતી વખતે નિયત પ્રક્રિયા અપનાવવામાં આવી નથી.'

આ ઉપરાંત રાજ્યોએ ભારપૂર્વક જણાવ્યું છે કે, 'ટ્રમ્પ પ્રશાસનનો આ આદેશ અમેરિકના બંધારણની પણ વિરુદ્ધ છે, કારણ કે કોંગ્રેસ દ્વારા H-1B વિઝા ફી વધારવા માટે ક્યારેય પરવાનગી આપવામાં આવી નથી. અગાઉ વિઝા ફી માત્ર સિસ્ટમ ચલાવવાના ખર્ચ પૂરતી જ મર્યાદિત રહેતી હતી(૯૬૦ થી ૭,૫૯૫ ડોલર), પરંતુ ૧ લાખ ડોલરની નવી ફી કોંગ્રેસ દ્વારા નિર્ધારિત સીમાની બહાર જઈને લેવાયેલો નિર્ણય છે અને તેથી તેને રદ કરવો જોઈએ.'

# SHANTI બિલને મોદી કેબિનેટની મંજૂરી, હવે પરમાણુ ઊર્જા ક્ષેત્રમાં ખાનગીકરણનો માર્ગ મોકળો!

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે એક મોટો નિર્ણય લેતા SHANTI(Sustainable Harnessing and Advancement of Nuclear Energy for Transforming India) બિલને મંજૂરી આપી દીધી છે. આ ઐતિહાસિક પગલાથી હવે ખાનગી કંપનીઓ માટે ભારતના પરમાણુ ઊર્જા ક્ષેત્રમાં પ્રવેશના દ્વાર ખુલી ગયા છે. આ બિલ ૧૯૬૨ના પરમાણુ ઊર્જા કાયદા પછીનો સૌથી મોટો સુધારો સાબિત થશે. ૬૩ વર્ષ જૂના રાજ્યના એકાધિકારને તોડીને, હવે ખાનગી કંપનીઓને પરમાણુ ઊર્જા ઉત્પાદનમાં ભાગીદારી મળશે. જોકે, સરકારી એજન્સીઓ સુરક્ષા અને સંચાલનનું નિયંત્રણ સંભાળશે, પરંતુ ખાનગી કંપનીઓ મૂડી, જમીન અને



ટેકનોલોજી લાવશે. આ પગલું દેશના આબોહવા લક્ષ્યોને પૂર્ણ કરવા અને ૨૦૪૭ સુધીમાં ૧૦૦ ગીગાવોટ પરમાણુ ઊર્જા ક્ષમતા હાંસલ કરવા માટે અનિવાર્ય છે.

આઝાદી પછી ભારતમાં પરમાણુ ક્ષેત્ર એક કિલ્લાની જેમ બંધ હતું. માત્ર પરમાણુ ઊર્જા વિભાગ અને સરકારી ન્યુક્લિયર પાવર કોર્પોરેશન જ તેનું સંચાલન કરતા હતા. ૧૯૬૨ના કાયદામાં સ્પષ્ટ લખ્યું હતું કે ખાનગી કંપનીઓ કે રાજ્ય સરકારો પરમાણુ પ્લાન્ટ ચલાવી શકશે નહીં. પરિણામે, અત્યાર સુધીમાં માત્ર ૮ ક્ષમતાના સરકારી પ્લાન્ટ્સ જ બન્યા છે, જે દેશની કુલ વીજળીનો માત્ર 3% છે.

આ બિલ જૂના કાયદાઓ-૧૯૬૨નો Atomic Energy Act અને ૨૦૧૦નો Civil Liability for Nuclear Damage Actમાં સંશોધન કરીને ખાનગી પ્રવેશનો માર્ગ ખોલશે. 'કંપની'ની વ્યાખ્યા બદલીને Companies Act, 2013 હેઠળ રજિસ્ટર્ડ કોઈપણ ફર્મને લાઇસન્સ મળી શકશે.

# સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાએ થાપણ અને ધિરાણ બન્નેના વ્યાજદર ઘટાડયા

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ વ્યાજદરમાં ૨૫ બેસીસ પોઈન્ટનો ઘટાડો કરતા હવે દેશની ટોચની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાએ તેના ધિરાણના દરમાં ઘટાડો કર્યો છે તો બીજી તરફ થાપણના દરમાં પણ ઘટાડો કર્યો છે. આ બન્ને ફેરફાર તા.૧૫ એટલે કે સોમવારથી અમલી બની જશે. જો કે સ્ટેટ બેન્કે ટુંકાગાળા એટલે કે ૨ વર્ષ સુધીના થાપણના વ્યાજદર યથાવત રાખ્યા છે પણ લાંબાગાળા એટલે કે ૨ વર્ષથી વધુ અને ૩ વર્ષ માટેની થાપણના દર પાંચ બેસીસ પોઈન્ટ ઘટાડયા છે. જેમાં સિનીયર સીટીઝનની થાપણો પણ આવી જાય છે. આ દર જે ૬.૪૫% હતા તે ઘટાડીને ૬.૪૦% કર્યા છે. સિનીયર સીટીઝન માટે જે ૬.૯૫% હતી તે ૬.૯૦% કર્યા છે. આમ એક જ કેટેગરીમાં આ વ્યાજ દર ઘટયા છે. ૩ વર્ષ કે તેથી વધુની થાપણના દરો યથાવત રાખ્યા છે તો 'અમૃત વૃષ્ટિ'ની થાપણ જે ૪૪૪ દિવસ છે તેના દર ૬.૬૦% માંથી ૬.૪૫% કરાયા છે.

# મેસ્સી સ્ટેડિયમમાંથી વહેલો નીકળી જતા નારાજ ફેન્સે તોડફોડ કરી

**મુખ્ય સમાચાર, કોલકતા**

આર્જેન્ટિનાના દિગ્ગજ ફૂટબોલર લિયોનલ મેસ્સી ૧૪ વર્ષ પછી ભારત આવ્યો છે. તેની સાથે ઉરુગ્વેના સ્ટાર ફૂટબોલર લુઇસ સુઆરેઝ અને આર્જેન્ટિનાના મિડફીલ્ડર રોડ્રિગો ડી પોલ પણ આવ્યા છે. ત્રણેય ખેલાડીઓ મોડી રાત્રે લગભગ ૨૩૦ વાગ્યે કોલકાતા એરપોર્ટ પહોંચ્યા.

તેણે આજે સવારે ૧૧ વાગ્યે કોલકાતામાં ૭૦ ફૂટ ઊંચા સ્ટેચ્યુનું વર્ચ્યુઅલ ઉદ્દઘાટન કર્યું. આ દરમિયાન શાહરુખ ખાન પણ સામેલ રહ્યો. આ પછી તે કોલકાતાના જ સોલ્ટ લેક સ્ટેડિયમ પહોંચ્યો હતો. જોકે ત્યાંથી તે વહેલા નીકળી જતા નારાજ ફેન્સે બોટલો ફેંકવાનું શરૂ કર્યું. સાથે જે સ્ટેડિયમમાં તોડફોડ



કરી.

એક ચાહકે કહ્યું, ''એકદમ ખરાબ કાર્યક્રમ. તે માત્ર ૧૦ મિનિટ માટે આવ્યો. બધા નેતાઓ અને મંત્રીઓએ તેને ઘેરી લીધો હતો. અમે કંઈ જોઈ શક્યા નહીં.

તેણે એક પણ કિક કે એક પણ પેનલ્ટી ન લીધી. તેમણે કહ્યું હતું કે શાહરુખ ખાનને પણ લાવશે. તેઓ કોઈને ન લાવ્યા. તે ફક્ત ૧૦ મિનિટ માટે આવ્યો અને ચાલ્યો ગયો. આટલા બધા પૈસા, ઈમોશન્સ અને સમયનો બગાડ થયો. અમે કંઈ જોઈ શક્યા નહીં.''

મેસ્સી સંયુક્ત રાષ્ટ્રના ચાઇલ્ડ ઓર્ગેનાઇઝેશન UNICEFનો બ્રાન્ડ એમ્બેસેડર છે, જેના હેઠળ તે ભારતમાં ' GOAT ઈન્ડિયા' ટૂર કરી રહ્યો છે.

મેસ્સી ૧૫ ડિસેમ્બર સુધી ૩ દિવસમાં ૪ શહેરોનો પ્રવાસ કરશે. આમાં હૈદરાબાદ, મુંબઈ અને નવી દિલ્હી પણ સામેલ છે. તે કોલકાતામાં જ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને ઈન્ડિયન ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીને મળશે. આ દરમિયાન તેને મુંબઈમાં સચિન તેંડુલકરને પણ મળવાનું છે. ૧૫ ડિસેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાતની સાથે જ તેમનો પ્રવાસ સમાપ્ત થશે.

# રાજયમાં ૧૩.૬૨ લાખ કરોડની ડિપોઝિટ સામે રૂા.૧૨.૩૧ લાખ કરોડનું ધિરાણ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં બેંકિગ ક્ષેત્ર ઉપર નાગરિકોનો ભરોસો વધી રહ્યો છે. શેરબજાર,મ્યુચ્યુઅલ ફંડ,પોસ્ટ અને વીમા ક્ષેત્રની સ્પર્ધા છતાં પણ સામાન્ય નાગરિકો બેંકોમાં તેમની પરસેવાની મૂડીની થાપણો મુકવાનું પસંદ કરી રહ્યા છે. તાજેતરમાં મળેલી સ્ટેટ લેવલ બેંકર કમિટીની બેઠકમાં રજૂ થયેલા ગુજરાતના બેંકિગ ક્ષેત્રના વિકાસના ચિત્રમાં આ બાબત બહાર આવી છે. સપ્ટેમ્બરના અંતે ગુજરાતની બેંકોમાં રૂા.૧૩૯૨૯૧૮ કરોડ ડિપોઝિટઅનેરૂા. ૧૨૩૧૫૨૮ કરોડનું ધિરાણ હતું.આમ ક્રેડિટ - ડિપોઝિટ રેશિયો ૯૦.૩૬ ટકા જોવા મળ્યો છે. જે જૂનના અંતે ૮૮.૯૫ ટકા અને માર્ચના અંતે ૮૬.૯૭ ટકા હતો.

ડિપોઝિટ ૭.૪૫ ટકા વધી છે. જે ગત વર્ષે



૧૨૬૮૪૬૩ કરોડ સામે આ વર્ષે ૧૩૯૨૯૧૮ કરોડ જોવા મળી હતી. માર્ચ માસના અંતે આ પ્રમાણ રૂા.૧૩૨૬૧૩૭ કરોડ હતું.આમ માર્ચની તુલનાએ સપ્ટેમ્બર માસમાં ૨.૭૭ ટકાની વૃધ્ધિ સાથે રૂન્૩૯૭૮૧ કરોડની ડિપોઝિટ વધી હતી.

ગુજરાતમાં કુલ ૧૦૮૯૪ શાખાઓ દ્વારા બેંકિગ સેવાઓ નાગરિકોને આપવામાં આવે છે. જેમાં શહેરી શાખાઓ ૪૭૨૬, અર્ધ શહેરી ૨૪૮૩ અને ગ્રામ્ય ક્ષેત્રે ૩૬૮૫ છે. ગત વર્ષના સપ્ટેમ્બર માસની તુલનાએ ગુજરાતમાં ૨૯૬ અને માર્ચ ૨૦૨૫ની તુલનાએ ૧૫૧ નવી શાખાઓ રાજ્યમાં શરૂ થઈ છે.

ગુજરાતમાં ગત વર્ષના સપ્ટેમ્બર માસની તુલનાએ જ્યારે ધિરાણક્ષેત્રે પણ તંદુરસ્ત વિકાસ જોવા મળ્યો હતો. નાગરિકોએ પિરાણ લેવા માટે બેંકો ઉપર પ્રથમ પસંદગી ઉતારી છે. ગત વર્ષે સપ્ટેમ્બરના અંતે પિરાણની રકમ રૂા.૧૦૮૪૭૮૮ કરોડ હતી. જે આ વર્ષે રૂા.૧૪૯૭૪૦ કરોડ વધીને સપ્ટેમ્બરના અંતે રૂ.૧૨૩૧૫૨૮ કરોડ થઈ હતી. જ્યારે માર્ચના અંતે આ રકમ રૂા.૧૧૫૩૨૯૮ કરોડ હતી. જે સપ્ટેમ્બરમાં રૂા.૭૮૨૩૦ કરોડ વધી હતી.

# વીજબીલના નહિં ભરતા ૫૪૭ ગ્રાહકના જોડાણ કટ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર હાલારમાં વીજબીલના નહિં ભરતા ૫૪૭ ગ્રાહકના જોડાણ કટ.હાલારમાં વીજબીલના બાકી રૂ.૧.૪૭ કરોડ ન ભરતા ૫૪૭ ગ્રાહકના જોડાણ પીજીવીસીએલ દ્વારા કટ કરવામાં આવ્યા છે. બંને જિલ્લામાં ડીસેમ્બર મહીનામાં ૧૨૨૮૧૧ ગ્રાહકના રૂ.૬૨.૩૪ કરોડ વીજબીલના બાકી હતાં. જેમાંથી ૨૮૪૨૯ ગ્રાહકે રૂ.૧૭.૭૫ કરોડ ભર્યા છે. ૯૩૮૩૫ ગ્રાહકોના બાકી વીજબીલના રૂ.૪૨.૬૪ કરોડ વસૂલવા પીજીવીસીએલની ૧૦૦થી વધુ ટીમ કાર્યરત છે. ત્યારે વીજબીલ ન ભરનાર ગ્રાહકના જરૂર પડ્યે સર્વિસ વાયર અને ટીસી ઉતારી લેવામાં આવશે.સૌરાષ્ટ્રમાં વીજચોરીમાં અવ્વલ હાલારમાં વીજબીલ ભરવામાં પણ ગ્રાહકો ઉદાસીનતા દાખવી રહ્યા છે. કારણ કે, ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ડીસેમ્બર મહીનામાં બંને જિલ્લામાં કુલ ૧૨૨૮૧૧ વીજગ્રાહકોના રૂ.૬૨.૩૪ કરોડ વીજબીલના બાકી વીજકંપનીના ચોપડે બોલી રહ્યા હતાં. આથી વીજબીલના બાકી નાણા વસૂલવા પીજીવીસીએલ દ્વાર કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત હાલમાં વીજતંત્રની ૧૦૦ ટીમ ગ્રાહકો પાસેથી વીજબીલના નાણાંની વસૂલાતની કાર્યવાહીમાં કાર્યરત છે. અત્યાર સુધીમાં એટલે કે ડીસેમ્બર-૨૦૨૫ દરમ્યાન કુલ ૨૮૪૨૯ ગ્રાહકો દ્વારા બાકી વીજબીલના રૂ.૧૭.૭૫ કરોડ ભરપાઇ કર્યા છે. જયારે ૫૪૭ ગ્રાહકો કે જેઓએ બાકી વીજબીલના રૂ.૧.૯૪ કરોડ ન ભરતા આ તમામ ગ્રાહકોના વીજજોડાણ કાપી એટલે કે રદ કરવામાં આવ્યા છે. જો કે, કડક વસૂલાત ઝુંબેશ છતાં હજુ ૯૩૮૩૫ ગ્રાહકોના કુલ રૂ.૪૨૬૪ કરોડ વીજબીલના બાકી છે. જેની વસૂલાત કામગીરી ચાલી રહી છે.આ ગ્રાહકો જો ડીસેમ્બર મહીના સુધીમાં વીજબીલના બાકી નાણાં ભરપાઇ નહીં કરે તો વીજજોડાણ રદ કરવામાં આવશે. આટલું જ નહીં જરૂર પડયે વીજ મીટર તથા સર્વિસ વાયર પણ ઉતારી લેવામાં આવશે. આથી બાકી વીજબીલના નાણાં તાકીદે ભરપાઇ કરવા ગ્રાહકોને અનુરોધ કરાયો છે. તદઉપરાંત વીજબીલના નાણાની કેશલેસ ચૂકવણી કરવા અંગે વીજકંપની દ્વારા પૂરા પાડવામાં આવેલા જુદા-જુદા માધ્યમોથી પણ ગ્રાહકો વીજબીલની ચૂકવણી કરી શકે છે. જેમાં ઇસીએસ, ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ, વેબસાઇટ, પીજીવીસીએલની પેટા વિભાગીય કચેરી ખાતેના પીઓએસ મશીન, વેબસાઇટ મારફત યુપીઆઇ મોડથી, ઈન્સ્ટા પેમેન્ટ,ઇ-વોલેટ, ગ્રાહકોની સંલગ્ન બેંકની વેબસાઇટ, એટીએમ મશીન તથા આટીજીએસ-એનઇએફટી મારફત ઓનલાઇન વીજબીલના નાણાં ચૂકવી શકશે.

# WHO અને આયુષ મંત્રાલયની વૈશ્વિક સમિટ ભારતમાં યોજાશે



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર આયુષ મંત્રાલયના સહયોગથી બીજી WHO ગ્લોબલ સમિટ ઓન ટ્રેડિશનલ મેડિસિનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમિટ ૧૭ થી ૧૯ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાશે.ભારત ૨૦૨૩માં ગુજરાતમાં સફળતાપૂર્વક યોજાયેલી પ્રથમ સમિટ પછી બીજી વખત આ વૈશ્વિક કાર્યક્રમનું આયોજન કરશે. આ સમિટનો મુખ્ય ઉદ્દેશ્ય માનવ આરોગ્ય અને સુખાકારી માટે પરંપરાગત દવાને મુખ્ય પ્રવાહમાં લાવવાનો છે, જે ભારતના ''સર્વે ભવન્તુ સુખિનઃ, સર્વે સન્તુ નિરામયઃ'' ના વિઝન સાથે સુસંગત છે.આઈ.ટી.આર.એ.ના ડાયરેક્ટર પ્રો. તનુજા નેસરીએ જણાવ્યું કે, આ વર્ષની સમિટની થીમ ''સંતુલન પુનઃસ્થાપિત કરવું આરોગ્ય અને સુખાકારીનું વિજ્ઞાન અને વ્યવહાર (Restoring balance: The science and practice of health and well-being)'' છે. આ કાર્યક્રમમાં ૧૦૦થી વધુ દેશોના મંત્રીઓ, નીતિ ઘડવૈયાઓ, વૈશ્વિક આરોગ્ય નેતાઓ, સંશોધકો, નિષ્ણાતો અને ઉદ્યોગના પ્રતિનિધિઓ ભાગ લેશે.

આયુષ મંત્રાલય અશ્વગંધા પર એક સમર્પિત સાઇડ ઈવેન્ટનું પણ આયોજન કરશે. અશ્વગંધા ભારતના સૌથી જાણીતા અને વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરાયેલા ઔષધીય છોડમાંથી એક છે, જે પરંપરાગત અને સમકાલીન આરોગ્ય પ્રથાઓમાં તેના મહત્વને પ્રકાશિત કરશે.પરંપરાગત દવાઓમાં ભારતનું વૈશ્વિક નેતૃત્વ નોંધનીય છે. આયુર્વેદ, યોગ, નેચરોપેથી, યુનાની, સિદ્ધ, સોવા-રિગ્પા અને હોમિયોપેથી જેવી આયુષ પ્રણાલીઓ સદીઓથી લોકોની સેવા કરી રહી છે અને આજે તે સર્વગ્રાહી સ્વાસ્થ્ય માટે વિશ્વભરમાં વિશ્વસનીય ઉકેલો તરીકે માન્યતા પ્રાપ્ત છે. ગુજરાતના જામનગરમાં WHO ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટરની સ્થાપના ભારતના પરંપરાગત જ્ઞાન પ્રણાલીઓમાં વધી રહેલા વૈશ્વિક વિશ્વાસને દર્શાવે છે.આગામી સમિટના આયોજનમાં આયુષ મંત્રાલય અને વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રયાસો પ્રશંસનીય છે. પરંપરાગત દવામાં જાગૃતિ વધારવા અને જાહેર વિશ્વાસને મજબૂત કરવામાં મીડિયાની ભૂમિકા પણ મહત્વપૂર્ણ છે.ભારતના પ્રધાનમંત્રી સમિટના સમાપન સમારોહમાં હાજરી આપે તેવી અપેક્ષા છે. સમિટમાંથી ઉદ્ભવતા વિચાર-વિમર્શ અને સહયોગ વિશ્વને આરોગ્ય સંભાળના વધુ સર્વગ્રાહી,સમાવેશી અને ટકાઉ ભવિષ્ય તરફ માર્ગદર્શન આપશે. પરંપરાગત દવા પરની વૈશ્વિક નિર્ભરતાને ધ્યાનમાં રાખીને, સંશોધન, નવીનતા અને નિયમનકારી મજબૂતીકરણ દ્વારા પુરાવાના અંતરને દૂર કરવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે.સમિટના વિચાર-વિમર્શના ભાગરૂપે,''અશ્વગંધા પરંપરાગત જ્ઞાનથી વૈશ્વિક અસર સુધી-અગ્રણી વૈશ્વિક નિષ્ણાતોના પરિપ્રેક્ષ્યો''શીર્ષકવાળી એક કેન્દ્રિત સાઇડ ઈવેન્ટ ૧૭-૧૯ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજાશે. WHO-GTMC દ્વારા આયુષ મંત્રાલયના સહયોગથી આયોજિત આ સત્ર અશ્વગંધાની વૈજ્ઞાનિક સમજને વધુ ગાઢ બનાવવા માટે અગ્રણી સંશોધકો, નીતિ ઘડવૈયાઓ અને ક્લિનિશિયનોને એકસાથે લાવશે. ચર્ચાઓ પરંપરાગત જ્ઞાનની સમજ સાથે જોડાયેલા તેના અનુકૂલનશીલ, ન્યુરોપ્રોટેક્ટિવ અને ઇમ્યુનોમોડ્યુલેટરી ગુણધર્મો પરના સમકાલીન પુરાવાઓને પ્રકાશિત કરશે. સલામતી મૂલ્યાંકન પર ભાર મૂકતા, આ સત્રનો હેતુ ઉચ્ચ-ગુણવત્તાવાળા, પુરાવા-આધારિત અશ્વગંધા ઉત્પાદનોની વૈશ્વિક સ્વીકૃતિને વધુ આગળ વધારવાનો છે.ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઇન આયુર્વેદ (ITRA), જામનગર, આયુર્વેદ ક્ષેત્રે ભારતની મુખ્ય શૈક્ષણિક અને સંશોધન સંસ્થા, સમ્મેલનમાં રાષ્ટ્રીય શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને તકનીકી ભાગીદાર તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.પ્રો. તનુજા નેસરી, ડિરેક્ટર, ITRA કાર્યક્રમ માટેની મુખ્ય કારોબારી કમિટીના સભ્ય છે અને વિવિધ કાર્યક્રમોનું સંકલન સંભાળી રહ્યાં છે. પ્રો.(ડૉ.) તનુજા નેસરી સમ્મેલનમાં મહત્વપૂર્ણ નેતૃત્વ જવાબદારીઓ સોંપવામાં આવી છે. જેમાં તેઓ અધ્યક્ષ તરીકે ફરજ બજાવશે એક્સપો અને સાંસ્કૃતિક પ્રસ્તુતી સમિતિમાં તેમજ સહ-અધ્યક્ષ તરીકે ડિજિટલ હેલ્થ અને ઇનોવેશન સમિતિમાં કાર્યરત રહેશે.નવા WHO GTMC કેમ્પસ તૈયાર થાય ત્યાં સુધી WHO GTMCનું કામચલાઉ કાર્યાલય ITRA કેમ્પસમાં સ્થિત છે. પુરાવા સંકલન, ફાર્માકોવિજિલન્સ, ડિજિટલ દસ્તાવેજીકરણ, શિક્ષણ, નૈતિકતા, જૈવવિધતા અને એકીકરણ ફ્રેમવર્ક માટે સમ્મેલનના ટ્રેક્સ માટે પૃષ્ઠભૂમિ સંશોધન પેપરો, ટેક્નિકલ બ્રીફ્સ અને સંકલ્પ નોંધો પ્રદાન કરવી. જ્ઞાન સંચાલન, નિષ્ણાતોની ભલામણો, ક્ષમતા-વિકાસ મોડ્યુલ્સ, WHO ફેલોશિપ ફોર્મેટ્સ અને આંતરરાષ્ટ્રીય સહકાર ફ્રેમવર્ક સુગમ કરવું.ITRAના સહયોગથી સંકૃતિ અને સંગિતના માધ્યમથી થશે વિશેષ પ્રસ્તુતી.આઇ.ટી.આર.એ. જામનગરના પ્રયાસો અને વિચારબિંદુથી સ્વરૂપવંત થયેલા વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમનું આ વૈશ્વિક સમ્મેલનમાં મંચન થવા જઇ રહ્યું છે. જેમાં પદ્મશ્રી અને ત્રણ વાર સંગિત વિશ્વનો ગ્રેમી એવોર્ડ વિજેતા ''વિકિ કેજ'' દ્વારા 'રિસ્ટોરિંગ ધ બેલેન્સ' થીમ પર શબ્દ-સંગિતના માધ્યમથી સમ્મેલનમાં ઉપસ્થિત વિશ્વભરના લોકો વચ્ચે પ્રસ્તુતી કરશે જેમાં દૂનિયાભરના છેવાડાના અને પરંપરાગત ચિકિત્સા કરતા લોકોની વાતને કેન્દ્રવર્તી બનાવી રજૂ કરવામાં આવશે તેમજ પરંપરાગત ચિકિત્સાના ભવ્ય ઇતિહાસને ઉજાગર કરાશે. ત્યારે જામનગર માટે એક ગૌરવવંતિ ક્ષણ બની રહેશે.

સમ્મેલનમાં એક પ્રદર્શ વિસ્તાર હશે જેમાં આયુષ મંત્રાલય માટે વિશેષ વિભાગ રહેશે, જેમાં આયુર્વેદ ક્ષેત્રે ભારતના નેતૃત્વને ક્યુરેટેડ પ્રદર્શન, ક્લિનિકલ અને ફાર્માસ્યુટિકલ ડેટા, ઇન્ટિગ્રેટિવ હેલ્થકેર મોડલ્સ, સમુદાય આધારિત ઉપયોગ, આયુર્વેદ શિક્ષણ અને નવીન ટેકનોલોજીના પ્રદર્શન દ્વારા રજૂ કરવામાં આવશે.

# જામનગરમાં કુરીયર બોયનો ગુમ થયેલો થેલો નેત્રમ ટીમે શોધી આપ્યો




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના બ્લુ ડાર્ટ કુરિયર કંપનીના કુરિયર બોય ભરતભાઈ રામજીભાઇ કણજારીયા ઓનલાઈનના પાર્સલની ડીલીવરી કરવા માટે ગુરૂદ્વાર સર્કલથી જી.આઈ.ડી.સી તરફ જતા હોય, તે દરમ્યાન રસ્તામાં ક્યાંક આ પાર્સલનો થેલો જેમાં ૭૧,૫૮૭ની કિંમતના ૪ પાર્સલો હતા.જે બાબતે કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમનો સંપર્ક કરતાંપા. સ બ. ઈ સ . બી.બી.સિંગલના માર્ગદર્શન મુજબ એ.એસ.આઈ. પી.એ.ખાણધર, તેમજ પ્રદિપસિંહ સોઢા,. સંજયભાઈ જોડ, મિતલબેન સાવલીયા, પારલબા જાડેજા સહિતની ટીમે અલગ અલગ વિસ્તારના લોકલ તેમજ કમાન્ડ કંટ્રોલના કેમેરાના ફટેજ ચકાસતાં કુરીયર બોયનો બ્લુ કલરનો થેલો એક રીક્ષામાં પાછળની સાઇડ પડેલો જોવા મળ્યો હતો.જેથી આ રીક્ષાના રજી. નં. જી.જે. ૧૦ ટી. ડબ્લ્યુ ૦૯૯૫ હોવાનું જાણવા મળ્યું હતું. આથી રીક્ષા ચાલકના વાહન નંબર પરથી આઇટીએમએસ ચલણ વેબસાઇટની મદદથી મોબાઈલ નંબર શોધી અને સંપર્ક કરી તેની પાસેથી બ્લ્યુ ડાર્ટ કંપનીના કુરીયર બોયનો પાર્સલનો થેલો શોધી કાઢી તેને પરત સોંપી દીધો છે.

# મોરબીમાં SIR અંતર્ગત પ્રીડ્રાફ્ટ ASDD યાદી તૈયાર, જીલ્લાની વેબસાઈટ પર અપલોડ

**મુખ્ય સમાચાર, મોરબી**

ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલ ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ અંતર્ગત મોરબી જીલ્લાના ત્રણ વિધાનસભા ક્ષેત્રોમાં પ્રીડ્રાફ્ટ ASDD યાદી તૈયાર કરવામાં આવી છે. રિવાઇઝ્ડ શેડ્યૂલ મુજબ એન્યુમરેશન ફેઝની મુદત વધારી તા. ૧૪ ડિસેમ્બર ૨૦૨૫ સુધી રાખવામાં આવી છે, જ્યારે મુસદ્દા મતદાર યાદી તા. ૧૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ થવાની છે. આ સંદર્ભે તા.૧ જાન્યુઆરી ૨૦૨૬ને લાયકાત તારીખ માનીને તા. ૧૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં મોરબી, ટંકારા અને વાંકાનેર એમ ત્રણેય વિધાનસભા વિસ્તારોમાં બૂથ લેવલ ઓફિસર દ્વારા વિસ્તૃત ચકાસણી ચાલી હતી. ત્યાર-બાદ બીએલએ અને આગેવાનો સાથે ચર્ચા કરી તૈયાર કરાયેલી પ્રીડ્રાફ્ટ ASDD યાદી તેમને સોંપવામાં આવી છે. આ યાદી મોરબી જીલ્લાના અધિકૃત વેબસાઈટ morbi.nic.in પર પણ અપલોડ કરવામાં આવી છે, જેથી મતદારો પોતાના વિસ્તારની ASDD વિગતો ઓનલાઇન જોઈ શકે છે.

મોરબી જીલ્લામાં કુલ ૮,૫૦,૧૪૨ મતદારો છે. જેમાં વિધાનસભા વિસ્તાર ૬૫-મોરબીમાં ૨,૯૬,૯૧૬ મતદારો નોંધાયેલા છે. જેમાંથી કુલ ૨૮,૮૩૭ નામો ASDD યાદીમાં સામેલ થયા છે. આમાંથી ૧૦,૪૫૨ મૃત્યુ પામેલાઓના નામ, ૧,૪૪૭ અજાણ્યા અથવા ગેરહાજર, ૧૫,૦૫૯ કાયમી સ્થળાંતરિત, ૧,૪૨૯ પહેલેથી જ અન્યત્ર નોંધાયેલા તથા ૪૫૦ અન્ય કારણોસર ઉમેરાયેલા છે. વિધાનસભા વિસ્તાર ૬૬-ટંકારામાં કુલ ૨,૫૭,૬૧૪ મતદારો છે, જેમાંથી ૧૩,૫૭૩ નામો ASDD યાદીમાં દાખલ થયા છે. તેમાં ૪,૬૮૨ મૃત્યુ પામેલાઓ, ૮૩૫ અજાણ્યા/ગેરહાજર, ૭,૪૪૨ કાયમી સ્થાનાંતરિત, ૫૬૯ પહેલેથી નોંધાયેલા અને ૪૫ અન્ય કારણસર ઉમેરાયેલા નામો છે. જ્યારે વિધાનસભા વિસ્તાર ૬૭-વાંકાનેરમાં કુલ ૨,૯૫,૬૧૨ મતદારો છે, જેમાંથી ૨૫,૯૩૬ નામો ASDD યાદીમાં ઉમેરાયા છે. તેમાં ૮,૨૦૨ મૃત્યુ પામેલા, ૨,૬૫૬ અજાણ્યા/ગેરહાજર, ૧૩,૬૫૦ સ્થળાંતરિત, ૧,૧૪૩ પહેલાથી નોંધાયેલા તથા ૨૮૫ અન્ય કારણસર ઉમેરાયેલા છે.

આ રીતે સમગ્ર મોરબી જીલ્લામાં કુલ ૬૮,૩૪૬ નામો ASDD યાદીમાં સમાવાયા છે. જેમાં ૨૩,૩૩૬ મૃત્યુ પામેલા, ૪,૯૩૮ અજાણ્યા/ગેરહાજર, ૩૬,૧૫૧ કાયમી સ્થળાંતરિત, ૩,૧૪૧ પહેલેથી નોંધાયેલા તથા ૭૮૦ અન્ય કારણસર ઉમેરાયેલા છે.

# મોરબીના મણીમંદિરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા ચર્ચા કરતા કલેક્ટર કે.બી.ઝવેરી

## મોરબીમાં કલેક્ટરની અધ્યક્ષતામાં પ્રવાસન વિકાસ સોસાયટીની બેઠક યોજાઈ




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં કલેક્ટર કે.બી. ઝવેરીની અધ્યક્ષતામાં મોરબી જીલ્લા પ્રવાસન યાત્રાધામોના વિકાસ કામોની ચર્ચા વિચારણા તેમજ સમીક્ષા અન્વયે બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ યાત્રાધામોના વિકાસ કાર્યો અંગે કલેક્ટરે વિગતો મેળવી જરૂરી સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં કલેક્ટરે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા પ્રવાસન સ્થળોના વિકાસ પર વિશેષ ભાર આપવામાં આવી રહ્યો છે અને તેના માટે અલાયદી ગ્રાન્ટ પણ ફાળવવામાં આવે છે. મોરબી જીલ્લાને વધુ એક પ્રવાસન સ્થળ મળે તે માટે મણીમંદિરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે જે માટે ટૂંક સમયમાં યોગ્ય આયોજન પણ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત મોરબી જીલ્લાના અન્ય કેટલાક પ્રવાસન સ્થળોને પણ વિકસાવવા ત્યાં પાર્કિંગ સ્વચ્છતા સહિતની સુવિધાઓ ઉપલબ્ધ રહે તે માટેની સૂચના સંબંધીત અધિકારીઓને કલેક્ટરે આપી હતી.

આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી શૈલેષચંદ્ર ભટ્ટ, નાયબ વન સંરક્ષક સુનિલ બેરવાલ, નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચર, મોરબી મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશ્નર કુલદીપસિંહ વાળા, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત)ના કાર્યપાલક ઇજનેર દિવ્યેશ બાબરવા, સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં કાન્તિજ્યોત બિલ્ડીંગના પાર્કિંગમાં વૃદ્ધે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

મોરબી-૨ મહેન્દ્રનગર વિસ્તારમાં કાન્તિજ્યોત બિલ્ડીંગમાં રહેતા ૭૪ વર્ષીય વૃદ્ધે પાર્કિંગમાં ગળાફાંસો ખાઈ જીવનનો અંત કર્યો હતો. ઘટનાની જાણ થતાં બી ડિવિઝન પોલીસ દ્વારા અ.મોત નોંધવામાં આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ ખોડીદાસભાઈ ધનજીભાઈ ધોરીયાણી ઉવ.૭૪ રહે.કાંતિજ્યોત પાર્ક બ્લોક બી-૪ મહેન્દ્રનગર મોરબી-૨ વાળાએ ગઈકાલ તા.૧૨/૧૨ના રોજ રાત્રિના અરસામાં કોઈપણ કારણોસર કાંતિજ્યોત પાર્ક બ્લોક બી-૪ બિલ્ડિંગના પાર્કિંગમાં પંખા સાથે ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતા તેમની ડેડબોડી મોરબી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. હાલ બી ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# વેજલપરના ખેડૂતે માનવતા મહેકાવી, ખોવાયેલા ૧૦ ચેક મોરબી પોલીસ મારફતે કારખાનેદારને પરત કર્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વેજલપરના ખેડૂતને રોડ પરથી દસ ચેક મળતાં તેમણે તે તરત મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જમા કરાવ્યા હતા. પોલીસ દ્વારા ચેકની તપાસ બાદ માલિકની ઓળખ કરી તેને સુરક્ષિત પરત અપાયા હતા. ત્યારે હાલ ખેડૂત તથા મોરબી પોલીસ બન્નેની સરાહનીય કામગીરીની લોકોએ પ્રસંશા કરી હતી.

મોરબીમાં એક માનવતા અને ઈમાનદારી દર્શાવતી ઘટના બની છે. જેમાં વેજલપર ગામના ખેડૂત પંકજભાઈ હીરજીભાઈ ગડેશિયાને સાદુરકા ગામના રોડ ઉપરથી ૧૦ ચેક મળ્યા હતા, જેમાં કુલ રકમ આશરે રૂ. ૧૬,૦૦,૦૦૦/- જેટલી હતી. ચેક પર કેડા ઇન્ડસ્ટ્રીયલનું નામ લખાયેલું જોયા બાદ પંકજભાઈએ કોઈ વિલંબ કર્યા વિના આ ચેકો મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ રાકેશ પટેલને સોંપ્યા હતા. ત્યારે પીઆઈ રાકેશ પટેલે તરત જ ચેકની વિગતો તપાસતા આ તમામ ચેક એક કારખાનેદારના ખોવાયેલા હતા, જેથી પોલીસે જરૂરી ખરાઈ કર્યા બાદ કારખાનેદારનો સંપર્ક સાધ્યો અને તમામ ચેક સુરક્ષિત રીતે પરત અર્પણ કર્યા હતા.

# હળવદના કોયબા નજીક આઇસરમાં સબસીડીયુક્ત યુરીયાની ૪૦૦ બેગ ઝડપાઇ, બે ઇસમોની અટક





**મુખ્ય સમાચાર, જામનગર**

હળવદ પોલીસે કોયબા ગામ નજીકથી ગેરકાયદેસર રીતે પરિવહન થતો સબસીડીયુક્ત યુરીયાનો વિશાળ જથ્થો પકડી પાડ્યો છે. આ સાથે આઇસર, સ્વીફ્ટ કાર સહિત કુલ કિ.રૂ.૧૫ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી બે આરોપીઓની અટકાયત કરવામાં આવી છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે ચલાવવામાં આવતા અભિયાન દરમિયાન હળવદ પોલીસને મોટી સફળતા મળી છે.

જેમાં હળવદ પોલીસ મથકના પીઆઈની સુચના અનુસંધાને સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે કોયબા ગામની સીમમાંથી શંકાસ્પદ રીતે આઇસર રજી.નં. જીજે-૩૬-વી-૫૭૧૬માં IFFCO કંપનીની સબસીડીયુક્ત રાસાયણીક યુરીયાની ૪૦૦ બેગ, કિ.રૂ. ૮,૦૦,૪૫૬/- મળી આવી હતી. આ સાથે પોલીસે બે આરોપી (૧)નાગજીભાઈ રાજાભાઈ ગમારા ઉવ.૩૭ રહે. નવા મકનસર, (૨)કરશનભાઈ સેલાભાઈ ડોરાળા ઉવ.૨૭ રહે. રાણેકપર તા.હળવદ વાળાની અટક કરી હતી. પોલીસે સબસીડીયુક્ત યુરિયા ખાતરનો જથ્થો, આઇસર તથા સ્વીફ્ટ કાર રજી.ન. જીજે-૧૨-એકે-૦૪૩૫ સહિત કુલ રૂ. ૧૫,૦૦,૪૫૬/-નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ ચલાવી છે.

# વાંકાનેરના જાલીડા ગામે જૂની અદાવતનો ખાર રાખી ૮ ઈસમોએ રિવોલ્વર બતાવી ત્રણ પર હિંસક હુમલો કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના જાલીડા ગામે અગાઉની અદાવતના કારણે આઠ ઈસમોએ ત્રણ વ્યક્તિઓ પર રિવોલ્વર સહિત ઘાતક હથિયારો સાથે હુમલો કર્યો હતો. ઘટનામાં ભોગ બનનાર ત્રણેયને ફ્રેક્ચર સહિત ગંભીર ઇજાઓ પહોંચી હતી. હાલ વાંકાનેર તાલુકા પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેરના જાલીડા ગામના રહેવાસી અને પશુપાલનનો વ્યવસાય કરતા સાર્દુલભાઈ મેરાભાઈ લોહ ઉવ.૪૫એ આરોપી ભુપતભાઈ ઘુસાભાઈ હાડગરડા રહે.જાલીડા ગામ, જગમાલભાઇ હાડગરડા, જીવણભાઇ નારૂભાઇ હાડગરડા, જગાભાઈ ગોવિંદભાઈ સુસરા, વિપુલભાઈ કોળી તથા અજાણ્યા ત્રણ ઈસમો સહિત ૮ આરોપીઓ વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી કે, અગાઉ આરોપી ભુપતભાઈ ઘુસાભાઈ હાડગરડા સાથે કારખાનામાં ડમ્પર ચલાવવા બાબતે માથાકુટ થઈ હતી, જેનો ખાર રાખી આરોપીઓએ આ હિંસક હુમલો કર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ફરિયાદી સાર્દુલભાઈ પોતાનું મોટરસાઈકલ લઈને ગામ તરફ જઈ રહ્યા હતા ત્યારે જાલીડા ગામ નજીમ તુલસી હોટલ સામે હાઈવે રોડ પર પહોંચતા આરોપી ભુપતભાઈ હાડગરડા અને વિપુલભાઈ કોળી રોડની સાઈડમાં ઉભા હતા. તેમણે ફરીયાદીને બોલાવી ગાળાગાળી કરી હતી અને આરોપી ભુપતભાઈએ પિસ્તોલ જેવું હથિયાર બતાવી ધમકી આપી હતી. બાદમાં આરોપીઓ પોતાની ગાડી તરફ જતા રહ્યા હતા. આ દરમિયાન ફરીયાદીના ભત્રીજા વિજય અને ભાણેજ રાહુલ ઉર્ફે મેહુલ ત્યાંથી પસાર થતા ફરીયાદીને જોઈ અટક્યા હતા. તે જ સમયે આરોપી ભુપતભાઈ, જગમાલભાઈ હાડગરડા, જીવણભાઈ નારૂભાઈ હાડગરડા, જગાભાઈ ગોવિંદભાઈ સુસરા તેમજ ત્રણ અજાણ્યા ઇસમોએ ગેરકાયદે મંડળી રચી એકસંપ કરી લોખંડના પાઈપ, કુહાડી અને લાકડાના ધોકા જેવા હથિયારો સાથે હુમલો કર્યો હતો. આ હુમલામાં ફરિયાદી સહિત ત્રણેયને ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચી હતી. હાલ વાંકાનેર તાલુકા પોલીસે આઠેય આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં ૨.૪૩ કરોડની છેતરપિંડી કરનાર આરોપીની ધરપકડ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં સરકારી કોન્ટ્રાક્ટના કામમાં રોકાણના બહાને કરોડો રૂપિયાની છેતરપિંડી આચરનાર એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આરોપીએ શહેર અને આસપાસના ૧૦ થી ૧૨ જેટલા વ્યક્તિઓ પાસેથી કુલ ૨.૪૩ કરોડ રૂપિયાથી વધુની રકમ પડાવી લીધી હતી. આ મામલે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.આદિત્ય પાર્ક વિસ્તારમાં રહેતા કોન્ટ્રાક્ટર અશ્વિન વશરામભાઈ વારાએ આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, આરોપીએ ૧૦ થી ૧૨ વ્યક્તિઓના કુલ ૨,૪૩,૫૦,૦૦૦ રૂપિયા પરત ન આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી.પોલીસ ફરિયાદ મુજબ, આરોપીએ 'મનશીલ એન્ટરપ્રાઇઝ' નામની પેઢી શરૂ કરી હતી. તેણે લોકોને જણાવ્યું હતું કે, તેને જામનગર, મોરબી અને મહારાષ્ટ્ર સહિતના સરકારી વિભાગોમાં સ્ટ્રીટ લાઈટ અને ડસ્ટબીન સપ્લાય કરવાના કોન્ટ્રાક્ટ મળેલા છે. આ કોન્ટ્રાક્ટમાં ૩૦ ટકા જેટલું ઊંચું વળતર મળતું હોવાનું જણાવી, રોકાણકારોને ૧૪ ટકા વળતર આપવાની લાલચ આપી પૈસા ઉઘરાવવાનું શરૂ કર્યું હતું.ફરિયાદી અશ્વિન પાસેથી તેમજ અન્ય વ્યક્તિઓ પાસેથી આરોપીએ હપ્તે હપ્તે નાણાં મેળવ્યા હતા.

આ રકમ બેંક ખાતા મારફતે ચેક દ્વારા અથવા રોકડમાં મેળવવામાં આવી હતી. આમ, જુદી જુદી વ્યક્તિઓના કુલ ૨,૪૩,૫૦,૦૦૦ રૂપિયા પોતાના અલગ અલગ ખાતામાં જમા કરાવી લીધા હતા અથવા રોકડમાં મેળવી લીધા હતા.પૈસા મેળવ્યા બાદ આરોપી ગાયબ થઈ ગયો હતો. સિટી-એ પીઆઈ એન.એ. ચાવડા અને તેમના સ્ટાફે તપાસ કરીને આરોપી મનશીલ કોયાને ઝડપી પાડ્યો છે. પોલીસ દ્વારા વધુ પૂછપરછ માટે આરોપીના રિમાન્ડ મેળવવા કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# મોરબીના સર્કિટ હાઉસની બાજુમાં તીનપત્તિનો જુગાર રમતા ૨ ગેમ્બલર ઝબ્બે

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન સર્કિટ હાઉસની બાજુમાં જાહેરમાં ગંજીપત્તાના પાના વડે રૂપિયાની હારજીતનો તીનપત્તિનો જુગાર રમી રહેલ સલીમભાઈ હાજીભાઈ ખલીફા ઉવ.૪૨ રહે. રણછોડનગર શેરી નં.૩ મોરબી તથા હુશેનભાઈ બચુભાઇ સુમરા ઉવ.૪૫ રહે. જોન્સનગર લાતી પ્લોટ મોરબી વાળાને રોકડા રૂ.૧,૫૮૦/-સાથે ઝડપી લેવામાં આવ્યા હતા, આ સાથે પોલીસે આરોપી બન્ને ઈસમો વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી મહેન્દ્રપરામાં રહેણાંકમાંથી પ્રતિબંધિત ૧૭ ફિરકા સાથે એક પકડાયો, સપ્લાયરનું નામ ખુલ્યું

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે મહેન્દ્રપરા શેરી નં.૧૫ માં રહેતા માહિરભાઈ પાયકના રહેણાંક મકાનમાં દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન મકાનમાંથી ચાઈનીઝ પ્રતિબંધિત ૧૭ નંગ ફિરકા કિ.રૂ.૧,૮૦૦/- મળી આવ્યા હતા. જેથી પોલીસે આરોપી માહિરભાઈ મુસ્તાકભાઈ પાયક ઉવ ૧૯ વાળાની અટક કરી હતી. પકડાયેલ આરોપીની પૂછતાછમાં આ જીવલેણ પ્રતિબંધિત ચાઈનીઝ ફિરકા આરોપી વિપુલભાઇ હસમુખભાઈ મોરબી વાળા પાસેથી વેચાણ અર્થે મેળવેલ હોવાની કબૂલાત આપતા, એ ડિવિઝન પોલીસે બન્ને આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદમાં મ્યુલ એકાઉન્ટ્સ મારફતે ફ્રોડના નાણા સગેવગે કરવાના કેસમાં ૫ સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સાયબર ક્રાઇમ પોલીસની તપાસ દરમ્યાસ સાયબર ફ્રોડના નાણા વિવિધ બેંક ખાતા મારફતે સગેવગે કરાતા હોવાનો ભાંડો ફૂટ્યો છે. હળવદ તાલુકાનાં પાંચ ઈસમો દ્વારા કમિશનની લાલચમાં મ્યુલ એકાઉન્ટનો ઉપયોગ કરી નાણા ટ્રાન્સફર, કેસ વિથડ્રો અને નાણા આંગડિયા પેઢી મારફતે મોકલવામાં આવ્યા હતા. તમામ સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

મોરબી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા સાયબર ફ્રોડના નાણાં સગેવગે કરવા મ્યુલ એકાઉન્ટ્સના ઉપયોગ અંગે ખાસ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ગુજરાત સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ ગાંધીનગરથી મળેલી બેંક એકાઉન્ટ અને ટ્રાન્ઝેક્શન આધારિત માહિતીના અનુસંધાનમાં મોરબીમાં અલગ-અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરવામાં આવી છે, ત્યારે તપાસ દરમ્યાન જાણવા મળ્યું કે હળવદ તાલુકામાં આરોપી હરજીવનભાઈ નરભેરામ પટેલ રહે. કડીયાણા, મુકેશભાઈ ગોવિંદભાઈ ભરવાડ રહે.કડીયાણા, જગદિશભાઈ ગોવિંદભાઈ ભરવાડ રહે.કડીયાણા, સાગર ભુદરભાઈ પટેલ રહે.મેરુપર તથા શ્રીપાલસિંહ રહે.સાપકડા વાળા આમ તમામ આરોપીઓ ગેરકાયદેસર સાયબર ફ્રોડના નાણાં સગેવગે કરવાના ચાલતા રેકેટમાં સામેલ હતા. સાયબર ફ્રોડથી પીડિત લોકો પાસેથી મેળવવામાં આવેલા નાણા માટે એસબીઆઇ બેંકમાં કોન્ટ્રાક્ટ બેઝ ઉપર રહેલા એવા મુખ્ય સૂત્રધાર આરોપી શ્રીપાલસિંહે પહેલા આરોપી હરજીવનભાઈને કમિશનની લાલચ આપી તેના ચાર અલગ-અલગ બેંક ખાતામાં સાયબર ફ્રોડના નાણા જમા કરાવ્યા હતા. ત્યારબાદ આરોપી મુખ્ય સૂત્રધાર શ્રીપાલસિંહે વધુ ૧% કમિશન આપવાની લાલચ આપતા આરોપી હરજીવનભાઈએ અન્ય ઓળખીતાઓના ખાતાઓનો પણ ઉપયોગ કરવા કહ્યું જેમાં આરોપી મુકેશભાઈ, જગદીશભાઈ અને સાગરભાઈના ખાતામાં પણ લાખો રૂપિયાની એન્ટ્રીઓ થવા લાગી. આ તમામ રકમ ચેક દ્વારા વિથડ્રો કરી તે નાણા શ્રીપાલસિંહને સોંપવામાં આવતા અને તેઓ આંગડિયા પેઢી મારફતે અજાણી વ્યક્તિઓને મોકલી આપતા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. હાલ પોલીસે તમામ આરોપીઓની પુછપરછ કરતા તેમણે આ ગેરકાયદેસર નાણાકીય વ્યવહાર વિશે સ્વીકાર કર્યો હોવાનું જણાવ્યું છે. ત્યારે પાંચેય આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી મોરબી સાયબર ક્રાઇમ પોલીસ ટીમે આગળની વધુ તપાસની તજવીજ શરૂ કરી છે.

# વજન ઘટાડવાનો મીઠો રસ્તોઃ સ્વાદિષ્ટ ફળો

**સંકલનઃ માર્ગી મહેતા**

## જાણો.. ફળોનું સેવન કરીને વજન ઘટાડવાની રીત

મેદસ્વિતા એ આજની બેઠાડું જીવનશૈલી અને અનિયમિત આહારને કારણે વધતી જતી ગંભીર સ્વાસ્થ્ય સમસ્યા છે. જેથી, ગુજરાત સરકાર 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન હેઠળ સ્થૂળતા નિવારવા અંગે જનજાગૃતિ ફેલાવી રહી છે. વજન નિયંત્રણ માટે સંતુલિત આહાર અને નિયમિત કસરત અનિવાર્ય છે. સંતુલિત આહારમાં ફળો ફાયદાકારક ભૂમિકા ભજવે છે. ફળો માત્ર સ્વાદિષ્ટ નથી પણ તેમાં રહેલા પોષક તત્વો મેદસ્વિતા ઘટાડવાના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય છે.

ફળો વજન ઘટાડવામાં કેવી રીતે મદદ કરે છે?

ફળો વજન ઘટાડવા માટે આદર્શ આહાર ગણાય છે, જેના મુખ્ય કારણો નીચે મુજબ છે

૧. ફાઈબરનો સ્ત્રોત : ફળોમાં દ્રાવ્ય અને અદ્રાવ્ય એમ બંને પ્રકારના ફાઈબર (રેસા) ભરપૂર માત્રામાં હોય છે. ફાઈબર પેટને લાંબા સમય સુધી ભરેલું રાખે છે. જેનાથી વારંવાર ભૂખ લાગતી નથી અને ઓવરઈટિંગ (વધારે ખાવું) ટાળી શકાય છે. તે પાચનતંત્રને સ્વસ્થ રાખે છે અને ચયાપચય (મેટાબોલિઝમ)ને સુધારે છે.

૨. કેલરી અને ચરબીનું ઓછું પ્રમાણ : મોટાભાગના ફળોમાં કેલરીનું પ્રમાણ ઓછું હોય છે અને ચરબી નહિવત્? હોય છે. આના કારણે કેલરીની ચિંતા કર્યા વગર તેને ખાઈ શકાય છે.

૩. કુદરતી મીઠાશઃ ફળોમાં કુદરતી શર્કરા હોય છે, જે પ્રોસેસ્ડ ફૂડમાં રહેલી રીફાઈન્ડ ખાંડ કરતાં વધુ આરોગ્યપ્રદ છે. તે ગળ્યું ખાવાની ઈચ્છાને સંતોષે છે, જેનાથી બિનઆરોગ્યપ્રદ મીઠાઈ ખાવાનું સેવન ઘટે છે.

૪. પોષક તત્વોનો ખજાનોઃ ફળોમાં વિટામિન્સ, મિનરલ્સ અને એન્ટીઑક્સિડન્ટ્સ ભરપૂર હોય છે. આ તત્વો શરીરને ડીટોક્સિફાય કરવા, રોગપ્રતિકારક શક્તિ વધારવા અને એકંદરે સ્વાસ્થ્ય સુધારવામાં મદદ કરે છે, જે વજન ઘટાડવાની પ્રક્રિયાને સરળ બનાવે છે.

મેદસ્વિતા ઘટાડવા માટે ફળોનું સેવન કરતી વખતે નીચેની બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે

૧. ફળોનો રસ કાઢવાથી ફાઈબરનું પ્રમાણ ઘટી જાય છે અને માત્ર શર્કરા વધે છે. તેથી, આખું ફળ ખાવાથી મહત્તમ લાભ મળે છે.

૨. સવારે નાસ્તામાં કે કસરત પછી ફળો ખાવા ફાયદાકારક છે. રાત્રે સૂતા પહેલા વધારે પ્રમાણમાં ફળો ખાવાનું ટાળવું જોઈએ.

૩. માત્ર ફળો પર નિર્ભર રહેવું યોગ્ય નથી. વજન ઘટાડવા માટે ફળોની સાથેસાથે અનાજ અને શાકભાજીથી ભરપૂર સંતુલિત આહાર અને નિયમિત કસરત કરવી આવશ્યક છે.

ફળો વજન ઘટાડવાની યાત્રામાં મહત્વપૂર્ણ છે. દૈનિક આહારમાં યોગ્ય રીતે ફળોનો સમાવેશ કરીને મેદસ્વિતાને અસરકારક રીતે નિયંત્રિત કરી શકાય છે અને તંદુરસ્ત જીવનશૈલી અપનાવી શકાય છે. જો કે સ્થૂળતા ઘટાડવા માટે નિષ્ણાતોની સલાહ મુજબ ફળોનું સેવન કરવું જરૂરી છે.

# મગજની ફુલી ગયેલી મોરલીની અત્યાધુનિક એન્ડોવાસ્કયુલર પધ્ધતી દ્વારા દર્દીનો જીવ બચાવતા ડો.ગૌરાંગ વાઘાણી

### ન્યુરો ઈન્ટેરવેન્શન જેવી આધુનિક સારવાર અને સુવિધા ધરાવતી સ્ટર્લીંગ હોસ્પિટલ સૌરાષ્ટ્રનાં દર્દીઓ માટે આશિર્વાદરૂપ સાબીત થઈ



તસ્વીર : ગૌરવ લશ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આધુનિક વિજ્ઞાનનાં વિકાસ સાથે ઈશ્વરે બનાવેલ અમૂલ્ય-અદભૂત રચના એટલે કે માનવ શરીરનાં વિવિધ સિસ્ટમ અને તેની સાથે તેમાં થતી બિમારી વિશે ઉંડી સમજણ પણ કેળવતી જોવા મળે છે.આ પૈકી મગજની લોહીની નળીની રચના અનન્ય છે. જેમાં થતી ગંભીર બીમારીઓમાંની એક (Aneurysm Rupture) કે જેને આપણે મગજની લોહીની મોરલી થવી કે નળી ફુલાઈને ફાટવી એ છે.

મગજની લોહીની નળીમાં મોરલી થવાની શકયતા દર ૧ લાખ વ્યકિત એ ૬-૧૦ વ્યકતીઓમાં હોય અને ભારત-માં દર વર્ષે આ બીમારીનાં અંદાજીત ૨ લાખ નવા કેસો આવે છે. આ બીમારી સ્ત્રીઓમાં વધુ જોવા મળે છે.અને સામાન્ય રીતે ૩૦ થી ૬૦ વર્ષની ઉંમરમાં તેના લક્ષણો જોવા મળે છે.આ બીમારી અંદાજીત ૪૦% લોકો માટે જીવલેણ બનતી હોય છે અને બાકીનાં જીવંત દર્દીઓમાં ૩૦ થી ૪૦% દર્દીમાં અપંગતા લાવે છે.

આ બીમારીનાં લક્ષણોમાં મુખ્યત્વે અત્યંત તિવ્રતાથી અસહ્ય માથાનો દુઃખાવો થવો,ઉલ્ટી થવી,આંખે અંધારા આવવા,આંચકી કે ખેંચ આવવી,હાથ-પગમાં નબળાઈ આવવી,બોલવા-સમજવાની શકિત ઓછી થવી,દર્દી બેભાન થઈ જાય, બેલેન્સમાં તકલીફ પડવી વિગેરે હોય છે. દર્દીમાં સીટી સ્કેન કે એમ.આર.આઈ. અને એન્જીયોગ્રાફી (ડી.એસ.એ.) દ્વારા આ બીમારીનું નિદાન થઈ શકે છે.અને તેની મુખ્યત્વે બે સારવાર પધ્ધતિ છે.જેમાં કોઈલીગ (તાર દ્વારા) અને કલીપીંગ (મગજની શસ્ત્રક્રિયા દ્વારા) જેવા વિકલ્પો હોય છે.

આવી બીમારીનો એક કિસ્સો મોરબી નિવાસી પૂજાબેન જોષીનો છે,જેમને અચાનક માથામાં દુઃખાવો, ઉલ્ટી,શરીરમાં અશકિત આવી જતા દર્દી બેભાન હાલતમાં પ્રાથમિક સારવ-ાર મોરબી લીધેલ અને પછી આગળ નિદાનને સારવાર માટે સ્ટર્લીંગ હોસ્પિટલ ખાતે લાવવામાં આવેલા જયાં ઈમરજન્સી વિભાગમાં ન્યુરોસર્જન ડો.ગૌરાંગ વાઘાણી અને ડો.મયંક વેકરીયાની ટીમ દ્વારા તેમનું એન્જીયોગ્રાફી દ્વારા નિદાન કરવામાં આવ્યુ હતું ને તેમની સારવારનાં વિકલ્પ વિસ્તાર પૂર્વક સમજાવેલ હતા જેમાં દર્દીનાં પરિવાર દ્વારા આધુનિક પધ્ધતિથી તાર દ્વારા મગજનું હાડકુ ખોલ્યા વગર (ઓપરેશન વગર) કોઈલીંગની સારવાર માટે મંજુરી આપી હતી. તેથી ન્યુરો સર્જરી ટીમ દ્વારા આ ખુબજ ચોકસાઈ પૂર્વક કેથલેબમાં (થાપાનાં ભાગે) લોહીની નળીમાં પ્રવેશી અને મોરલી કે ફુલેલા ભાગમાં કોઈલ (સ્પ્રીંગ) બેસાડીને તેની કુશળતા પૂર્વક સારવાર કરવામાં આવેલી.દર્દીને આઈ.સી.યુ.માં સઘન સારવાર આપી પરિસ્થિતીમાં સુધારો થતા ક્રમશઃ હોસ્પિટલમાંથી રજા અપાય હતી

આમ આ અત્યાધુનિક પધ્ધતિ દ્વારા સારવાર થવાથી દર્દીને હોસ્પિટલમાં થતુ રોકાણ ઓછુ થાય છે તથા કોમ્પ્લેસ એન્યુરીઝમમાં જોખમ ખુબજ ઓછુ રહે છે.તેમજ મગજનાં ઓપરેશનમાં થતા જોખમો મહદ અંશે ટાળી શકાય છે.આમ આ એન્ડોવાસ્કયુલર પધ્ધતી મગજની લોહીની નળીની સારવાર માટે વરદાનરૂપ બની છે.

આ એન્ડોવાસ્કયુલર પધ્ધતિથી એન્યુરીઝમ ઉપરાંત સ્ટ્રોક (પેરાલીસીસ)નાં હુમલામાં ૨૪ કલાક થી પહેલા મીકેનીકલ થ્રોમ્બોકટોમી દ્વારા સારવાર કરતા જીવ બચાવી શકાય છે, અને પક્ષઘાતની અસર ઓછી કરી શકાય છે.તેમજ ગળાની ધોરી નસનાં બ્લોક કે સંકોચન (કેરોટીડ સ્ટેનોસીસ)ની સારવાર કેરોટીડ સ્ટેટીંગ અને લોહીની નળીનાં ગુંચળા (એ.વી.એમ.)ની સારવાર એમ્બોલાઈઝેશન નામની પધ્ધતિથી થાય છે.

સ્ટર્લીંગ હોસ્પિટલ,રાજકોટ ખાતે સ્ટ્રોક યુનિટ છેલ્લા ૯ વર્ષથી સફળતા પૂર્વક કાર્યરત છે અને આજદિન સુધી સ્ટ્રોકનાં અનેક દર્દીઓને સફળતા પૂર્વક સારવાર આપીને તેમને નવજીવન આપવા સ્ટ્રોક યુનિટ સફળ સાબીત થયુ છે.સૌરાષ્ટ્રનાં શ્રેષ્ઠ ન્યુરો ફીઝીશ્યનસ ડો.સારીકા પાટીલ (એસોસીયેટ ડિરેકટર-ન્યુરોફિઝીશ્યન), ડો. મિતુલ કાસુન્દ્રા (કન્સલ્ટન્ટ ન્યુરોફિઝીશ્યન), ડો. રોશન મિસ્ત્રી (કન્સલ્ટન્ટ ન્યુરોફિઝીશ્યન)ની ટીમ, એનેસ્થેટીસ્ટ ડો. હેતલ વડેરા (ચીફ એનેસ્થેટીસ્ટ) ઈન્ટેસીવીસ્ટ, રેડીઓલોજીસ્ટ અને તાલીમબધ્ધ ફિઝીયોથેરાપીસ્ટ સાથે આ યુનિટ ૨૪×૭ કોઈપણ ઈમરજન્સી સ્થિતીમાં તાત્કાલીક નિદાન અને સારવાર પુરી પાડે છે.

સ્ટર્લિંગ હોસ્પિટલ, રાજકોટ ઝોનલ ડીરેકટર ડો.અજય ડોગરાએ જણાવ્યુ કે આંતરરાષ્ટ્રીય માર્ગદર્શિકાનાં ધોરણો મુજબ સ્ટ્રોક મેનેજમેન્ટની સંપૂર્ણ વ્યવસ્થા હોસ્પિટલમાં ઉપલબ્ધ છે. ખાસ ન્યુરોલોજી માટે ડીઝાઈન કરાયેલ ન્યુરો આઈ.સી.યુ.અને સ્ટ્રોક સંભાળ માટે વિશેષ તાલીમ પ્રાપ્ત નર્સિંગ સ્ટાફ સાથે સ્ટર્લિંગ હોસ્પિટલ,રાજકોટનું આ સ્ટ્રોક યુનિટ રાજકોટ તેમજ સમગ્ર સૌરાષ્ટ્ર માટે કાર્યરત છે.

# હેરિટેજ કન્ઝર્વેશન વર્કશોપ અંતર્ગત રાજકોટ દરબાર ગઢની મુલાકાત લેતા પુરાતત્વવિદો

### ગઢ ખાતે રિસ્ટોરેશનની લાઈમ લીપીંગ પ્રક્રિયાની હેન્ડ્સ ઓન પ્રેક્ટિસ કરતા છાત્રો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પુરાતત્વ વિભાગ, રાજકોટ તેમજ રમત, ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ હેઠળ નિયામકશ્રીની કચેરી પુરાતત્વ અને સંગ્રહાલય વિભાગ, ગાંધીનગર દ્વારા રાજકોટ ખાતે હેરિટેજ કન્ઝર્વેશન અને રીસ્ટોરેશન વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજ રોજ બીજા દિવસે સેમિનાર બાદ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજકોટ પધારેલા આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા તથા એમ.એસ. યુનિવર્સીટીના આર્કિયોલોજીસ્ટ, મ્યુઝિયમોલોજીસ્ટ, પ્રોફેસર તેમજ આર્કિટેક્ચર્સ અને છાત્રોએ રાજકોટ દરબાર ગઢની મુલાકાત લીધી હતી. દરબાર ગઢમાં હાલ પુનઃનિર્માણનું કાર્ય ચાલી રહ્યું હોઈ આર્કિયોલોજીના છાત્રોને સ્થળ પર હેન્ડ્સ ઓન પ્રેક્ટિસનો લાભ મળ્યો હતો.

આર્કિયોલોજીસ્ટ શ્રી અનુપમ શહાએ છાત્રોને લાઈમ વર્ક અને કલરની સમજૂતી આપી હતી. ખાસ કરીને ગઢની એસ્થેટિક વેલ્યુ અને ઓરિજિનીટી જળવાઈ રહે તે માટે જે પ્રકારે કામગીરી કરવામાં આવી રહી છે તે અંગે વિશેષ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

રાજકોટના રાજવી શ્રી માંધાતાસિંહજી જાડેજાએ સ્થળ પર તમામ લોકોનું સ્વાગત કર્યું હતું. તેઓએ રાજવી સ્થળના હેરિટેજ વેલ્યુઝ ધરાવતા દરબાર ગઢના તબક્કાવાર થનારા નિર્માણ અને તેમાં જુદી જુદી કામગીરી માટે કરવામાં આવેલ વિવિધ વિભાગોની માહિતી પુરી પાડી હતી. પુરાતત્વવિદ અને છાત્રોએ દરબાર ગઢની ઝીણવટભરી કારીગીરીને નિહાળી ખુશી વ્યક્ત કરી હતી.

આ તકે રાજ્ય સરકારના આર્કિયોલોજી અને મ્યુઝિયમ વિભાગના ડાયરેક્ટર શ્રી પંકજ શર્મા, સહાયક પુરાતત્વ નિયામક શ્રી સિધ્ધા શાહ સહીત આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા તથા એમ.એસ. યુનિવર્સીટીના પ્રાધ્યાપકો, કેપ્ટન (રી.) જયદેવ જોશી સહીત આમંત્રિત મહેમાનો જોડાયા હતાં.

# કાલે શ્યામલાલજીની હવેલીએ અન્નકૂટ મહામહોત્સવ યોજાશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રની અતિ પ્રાચીન શ્રી શ્યામલાલજીની હવેલી આવતીકાલે તારીખ ૧૪ ને રવિવારે એ પ્રભુ નો જલેબી અનકોટ મહામોત્સવ નુ આયોજન કરાયું છે

શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી ગુંસાઈજી) ના પ્રાકટ્ય ઉત્સવ નિમિત્તે શ્રી શ્યામલાલજી પ્રભુ જલેબી અન્નકૂટ આરોગવા પધારશે દર્શન સમય સાંજે ૬૧૫ થી છે તો સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિના ને લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે તેમજ દ્વારકેશ મંડળીના કીર્તન નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે બધાએ લાભલેવા ભાવભરીયુ આમંત્રણ છે જેનું સ્થળ શ્રી શ્યામલાલજી ની હવેલી(સદર ની હવેલી)પંચનાથ મહાદેવ મંદિર મેઈન રોડ,જય સીયારામ પેંડાવાડાની સામે, રાજકોટ ૮૫૧૧૭૬૩૭૬૩ છે.

# ભૂલી પડેલી બાળાનું માતા સાથે સુખદ મિલન કરાવતી અભયમ હેલ્પલાઇન

### માતા સાથે હોસ્પિટલ જતાં એકલી પડી ગયેલી નેપાળી પરિવારની બાળા માટે રીક્ષાચાલક મદદરૂપ બન્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

બાળકો કે મહિલાઓને પડતી મુશ્કેલીમાં હંમેશા કુશળ કાઉન્સેલિંગ દ્વારા મદદરૂપ બનવાનું શ્રેય અભયમ ટીમને જાય છે. હાલમાં બનેલા એક કિસ્સામાં ૧૮૧ પર નાની બાળકી એકલી હોવાનો કોલ મળ્યો હતો. આથી રાજકોટ તાલુકા ૧૮૧ ટીમ બાળકીની મદદ માટે રવાના થઈ હતી. સ્થળ પર પહોંચીને જાગૃત નાગરિક સાથે ચર્ચા કરતાં જાણવા મળ્યું કે આ બાળકી અંદાજિત ૧-૨ કલાક થયા અહીં ઊભી છે. તે રડતી હોવાથી ૧૮૧ માં કોલ કરેલ છે. ૧૮૧ ટીમે રડતી અને ડરેલી દીકરીને શાંત કરી પૂછપરછ કરતા બાળકીએ તેનું અને માતા પિતા નું નામ જણાવ્યું હતું.

બાળકી માતા પિતા અને દાદી સાથે રહે છે. થોડા કલાક પહેલાં માતા સાથે હોસ્પિટલ જવા ઘરેથી નીકળી હતી, ત્યારબાદ વિખુટી પડી હોવાનું તેણીએ જણાવ્યું હતું.

દીકરીને ઘર અંગે પુછપરછમાં તેણીએ ગોપાલ ચોક અને મારુતિ દવાખાનાનું નામ બતાવ્યું હતું જ્યાં ટીમે પહોંચી વધુ તપાસ કરતા તેના માતાપિતા મળી આવ્યાં હતાં. માતાએ ટીમને જણાવ્યું હતું કે તેઓ નેપાળના વતની છે અને કામ અર્થે અહીંયા પરિવાર સાથે રહે છે.

દીકરી પરિવારની જાણ બહાર ઘરેથી માતાની પાછળ પાછળ નીકળી ગઈ હતી. જ્યાંથી ૧૮૧ ને રીક્ષા ચાલકે ફોન કર્યો હતો. ખરાઈ બાદ દીકરીને તેના માતાને સોંપી સુખદ મેળાપ કરાવ્યો હતો. પરિવારજનોએ ૧૮૧ ટીમનો આ તકે આભાર વ્યક્ત કર્યો હતો.

# હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી અભિયાન અને ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ અંતર્ગત જામનગરમાં મેરેથોન યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર. રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રી અને જામનગર જિલ્લાના પ્રભારીમંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષ સ્થાને જામનગરમાં મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી અભિયાન અને ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ અંતર્ગત જામનગર મહાનગરપાલિકા દ્વારા તા.૧૩ના રોજ મેરેથોન અને તા.૧૪ના રોજ સાયક્લોથોન ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.



જામનગરમાં ઓશવાળ ઇંગ્લીશ એકેડમી ખાતેથી મંત્રી સહિતના મહાનુભાવોએ ફ્લેગઓફ કરી દોડનો પ્રારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં

મંત્રી.એ જણાવ્યું હતું કે, મેરેથોન માત્ર દોડ નથી, તે સંકલ્પ, શિસ્ત અને સ્વસ્થ જીવન તરફનું પગલું છે. આજના યુગમાં, જ્યાં અસ્વસ્થ જીવનશૈલી અને તણાવ વધી રહ્યા છે, ત્યાં આવા કાર્યક્રમો આપણને સ્વાસ્થ્યનું મહત્વ સમજાવે છે. સ્વસ્થ નાગરિકો જ સ્વસ્થ અને મજબૂત રાષ્ટ્રનું નિર્માણ કરે છે.સરકાર દ્વારા પણ રમતગમત, આરોગ્ય અને તંદુરસ્તી માટેની યોજનાઓને વધુ મજબૂત બનાવવામાં આવી છે. જનજાગૃતિ અને સ્વસ્થ જીવન માટે સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના નાગરિકોના સ્વાસ્થ્યની ચિંતા કરીને મેદસ્વીતા મુક્ત ભારત અને ફીટ ઈન્ડિયા અભિયાન શરુ કરાવ્યું છે.

આ મેરેથોનમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત જામનગરવાસીઓ ખાસ કરીને યુવાનો, મહિલાઓ, વડીલોની ઉત્સાહભરી ભાગીદારી જોઈને મને ખૂબ ગર્વ થાય છે. જીત મહત્વની છે, પરંતુ ભાગ લેવું અને પ્રયત્ન કરવો વધુ મહત્વનું છે. આજે અહીં હાજર દરેક દોડનાર સાચો વિજેતા છે.

મેરેથોનનો રૂટ ઓશવાળ ઇંગ્લીશ એકેડમી, ઇન્દિરા માર્ગ, સાત રસ્તાથી નવા ફ્લાય ઓવરબ્રિજ, ગુરૂદ્વારા જંકશન, નાગનાથ જંકશને થઇ યુટર્ન લઇ પરત ઓશવાળ ઇંગ્લીશ એકેડમી ખાતે પૂર્ણ થયો હતો. ઉલ્લેખનીય છે કે આવતીકાલ તા.૧૪ ડીસેમ્બરના રોજ પણ જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટર ખાતે સાયક્લોથોન ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. મેરેથોન અને સાયકલોથોનમાં ભાગ લેનાર સ્પર્ધકો માટે ડ્રોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. અને વિજેતાઓ માટે સાયકલનું ઇનામ પણ રાખવામાં આવ્યું હતું.આ દોડમાં ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, કમિશ્નર ડી.એન.મોદી, એ.એસ.પી. પ્રતિભા, પ્રાંત અધિકારી અદિતિ વાર્ષને, પ્રાંત અધિકારી ગ્રામ્ય.બ્રિજેશ કાલરીયા, કોર્પોરેટરઓ, અગ્રણીઓ, અધિકારીઓ તથા વિશાળ સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉડાન ગ્રુપની ઉંચી ઉડાનઃ એકલવાયુ જીવન જીવતા સિનિયર સિટીઝન ના જીવનમાં પ્રકાશ પાથરવાનું સ્તુતીય પગલું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદ સ્થિત ઉડાન ગ્રુપ કે જે એકલવાઈ જિંદગી જીવતા સિનિયર સિટીઝનના જીવનમાં પ્રકાશ પાથરવાનું નિસ્વાર્થ ભાવે કાર્ય કરી રહ્યું છે છેલ્લા ત્રણ વર્ષથી આ ગ્રુપ ના સંચાલક પ્રદીપભાઈ શુક્લ,બાબુભાઈ ચૌધરી,વાસુદેવભાઈ પટેલ તેમજ જીજ્ઞાબેન અગ્રવાલ દ્વારા અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે

તાજેતરમાં જ ઉડાન ગ્રુપ દ્વારા નળ સરોવર ની વનડે પિકનિકનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં ૭૦ થી વધુ ભાઈઓ બહેનોએ ભાગ લીધો હતો આ ગ્રુપ સાથે હાલ ૧૫૦ થી વધુ ભાઈઓ બહેનો અમદાવાદ જ નહી પરંતુ સુરત, વડોદરા,રાજકોટ,મુંબઈ અને અન્ય શહેરો અને ગામમાંથી જોડાયા છે આ ગ્રુપમાં કોઈપણ જાતની સભ્ય ફી લેવામાં આવતી નથી

આ ગ્રુપ દ્વારા વન ડે પિકનિક નળસરોવર ની રમણીય પ્રકૃતિ ની મજા માણી ને હવે રાજસ્થાન ખાટૂશામ પુષ્કર ની ત્રણ દિવસીય ટૂર થઈ રહી છે.ઉડાન ગૃપ દ્વારા વાસુદેવભાઈ પટેલ,જીજ્ઞાબેન અગ્રવાલ, બાબુભાઈ ચૌધરી અને પ્રદીપભાઈ શુક્લ ના માર્ગદર્શન હેઠળ હવે એક રજીસ્ટર્ડ ઓફિસ પણ થોડા સમયમાં ખોલવાનુ આયોજન કરાયું છે જેમાં સીંગલ સીનીયર સીટીઝન ને એકલતા દૂર કરવા એક પ્લેટફોર્મ પુરુ પાડવા દર શનિ રવિ મીટીંગ એરેન્જ કરી ને જોડાવામાં મદદરૂપ થશે. વધુમાં મહીના ના બે રવિવાર સવારે ૯ થી ૫ સુધી બધા સભ્યોને ભેગા કરીને યોગ, કસરત,રમતગમત,હાઉસી, મીમીક્રિ જેવા પ્રોગ્રામ કરી ને આનંદ પ્રમોદ પણ કરાવશે

# મોરબીમાં સાયબર ફ્રોડ ગેંગનો પર્દાફાશ, ૨૦.૮૧ લાખની રકમ સગેવગે કર્યાનો ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સાયબર ક્રાઈમ પોલીસે સાયબર ફ્રોડના મોટા નેટવર્ક સામે કાર્યવાહી કરી છે. જેમાં અલગ અલગ લોકો પાસેથી સાયબર ફ્રોડ તથા છેતરપીંડીથી મેળવેલા નાણાં બેન્ક એકાઉન્ટ મારફતે ઉપાડી સગેવગે કરવામાં આવ્યા હતા. આ કેસમાં એક સગીર સહિત કુલ સાત આરોપીઓ સામે ગુનો નોંધાયો છે. હાલ મોરબી સાયબર ક્રાઇમ પોલીસે તમામ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મોરબી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમ હેઠળ ગુનો નોંધાયો છે. જેમાં આરોપી (૧)કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર ઉ.વ.૧૭, (૨)ચેતનસિંહ રવિંદ્રસિંહ ચૌહાણ રહે. ગુજરાત હાઉસિંગ બોર્ડ શનાળા રોડ, મોરબી, (૩)મુસ્તાક હારુનભાઈ રાવમા બી-૭ બ્લોક નં. ૧૦૨ પ્રધાનમંત્રી આવાસ યોજના, દલવાડી સર્કલ મોરબી, (૪)સંજયભાઈ રાજપુત રહે.ઝુન ઝુનુ રાજસ્થાન, (૫)નિકુંજ પ્રવિણભાઈ દસલાણીયા રહે. ઉમિયાનગર ચિત્તલરોડ બાબરા જી. અમરેલી હાલ રહે. ફ્લેટ નં. ૨૦૧ હિરેનભાઈ દલસુખભાઈ સેલડીયાના મકાનમા શ્રીનાથદ્વાર એપાર્ટમેન્ટ ગૌશાળા સર્કલ, વરાછા સુરત, (૬)જયદેવ ભરતભાઈ કરથીયા રહે. ગ્રીનચોક કંસારા શેરી મોરબી તથા (૭)રક્ષીત કલ્પેશભાઈ કુવરીયા રહે. મોરબી ક્રિષ્નાસ્કુલ રવાપર રેસિડેન્સી ભીમનાથ એ બ્લોક નં. ૪૦૧ વાળા તથા તપાસમાં ખુલે તે તમામ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે, જેમાં જાહેર કર્યા મુજબ, તા. ૧૧/૦૩/૨૦૨૫ થી તા. ૩૦/૦૪/૨૦૨૫ દરમિયાન મોરબી શહેરની અલગ અલગ બેન્કોની બહાર અને બેન્ક એકાઉન્ટ મારફતે આ સાયબર ગુનાખોરી કરવામાં આવી હતી. જેમાં ઉપરોક્ત તમામ આરોપીઓએ પૂર્વ આયોજનબદ્ધ રીતે ગુનાહિત કાવતરું રચ્યું હતું. અલગ અલગ વ્યક્તિઓ પાસેથી સાયબર ફ્રોડ અને છેતરપીંડી દ્વારા મેળવેલ નાણાં સગેવગે કરવા માટે આરોપીઓએ ૩-૩ ટકા કમિશનની લાલચ આપી નિકુંજ પ્રવિણભાઈ દસલાણીયા, જયદેવ ભરતભાઈ કરથીયા અને રક્ષિત કલ્પેશભાઈ કુવરીયા જેવા એજન્ટોને નિમ્યા હતા. આ એજન્ટોના બેન્ક એકાઉન્ટમાં કુલ રૂ. ૨૦,૮૧,૩૪૭/- ની રકમ જમા કરાવી બાદમાં ચેક અને એ.ટી.એમ. મારફતે ઉપાડી લેવામાં આવી હતી. આ રીતે ઉપાડવામાં આવેલા નાણાં સાયબર ફ્રોડના હોવાનું જાણતા હોવા છતાં આંગડીયા પેઢી સહિતના માધ્યમોથી આગળ મોકલી સગેવગે કરવામાં આવ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આરોપીઓએ એકબીજાની મદદગારી કરી આર્થિક લાભ મેળવી સાયબર ગુનાખોરી આચરી હતી. હાલ સાયબર ક્રાઇમ પોલીસે તમામ આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીમાં મ્યુલ એકાઉન્ટ મારફતે સાયબર ફ્રોડના નાણા સગેવગે કરવા બદલ વધુ ત્રણ સામે ફરિયાદ

મોરબી શહેરના પ્રતિક જિતેશભાઈ કુબાવત રહે. શ્રી રામ હરી પાર્ક અરૂણોદયનગર મોરબી-૨, મહાવિરસિંહ પપ્પુભા વાઘેલા રહે. પીપળી હાલ ગંજાનંદ પાર્ક પીપળી રોડ મોરબી-૨ અને રવિભાઈ ગઢવી રહે. મોરબી વાળાએ એકબીજા સાથે મળીને પૂર્વ આયોજિત ગુનાહિત કાવતરું રચ્યું હતું. તેમણે વિવિધ વ્યક્તિઓ પાસેથી સાયબર ફ્રોડ અને છેતરપીંડીથી મેળવેલા નાણાં સગેવગે કરવા મ્યુલ તરીકે બેંક એકાઉન્ટોનો ઉપયોગ કર્યો હતો. તપાસમાં ખુલ્યા મુજબ આરોપી પ્રતિક કુબાવત અને મહાવિરસિંહ વાઘેલાને એજન્ટ તરીકે રાખી તેમને ૨ ટકા કમિશનની લાલચ આપી રવિભાઈ ગઢવીએ તેમના ખાતામાં રૂ. ૧૪ લાખથી વધુ રકમ જમા કરવી હતી. ત્યારબાદ આ રકમ તેઓએ ચેક અને એ.ટી.એમ. દ્વારા વિડ્રો કરી રોકડ રકમ મુખ્ય આરોપીઓને મોકલી આપી હતી. હાલ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા કરવામાં આવેલી વિસ્તૃત પૂછપરછમાં તમામ ત્રણેય ઈસમોએ એકબીજાની મદદથી સાયબર છેતરપીંડીના નાણા વટાવવામાં સંકળાયેલા હોવાનું બહાર આવ્યું છે. ત્યારે તમામ આરોપીઓ તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં બીએનએસની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસની તજવીજ હાથ ધરાઈ છે.

# મોરબી ટ્રાફિક પોલીસે સ્ટંટ કરનાર રીક્ષા ચાલકને પકડી કાયદાનું ભાન કરાવ્યું





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સોશિયલ મીડિયામાં મયુર પુલ ઉપર સ્ટંટ કરતો રીક્ષા ચાલકનો વીડિયો વાયરલ થતા મોરબી ટ્રાફિક પોલીસે તરત કાર્યવાહી કરી, રીક્ષા-ચાલકને પકડી માફી મંગાવવામાં આવી અને તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરી છે.

મોરબી શહેરમાં ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરી વાહન હાંકતા ચાલકો સામે પોલીસે કડક કાર્યવાહી કરી છે. ત્યારે આ અભિયાનના ભાગરૂપે સોશિયલ મીડિયામાં મયુર પુલ ઉપર સ્ટંટ કરતો રીક્ષા ચાલકનો એક વીડિયો વાયરલ થતા ટ્રાફિક શાખા હરકતમાં આવી હતી. વાયરલ વિડિયોના આધારે રીક્ષા ચાલકની ઓળખ કરવામાં આવી અને તેને ઝડપી લેવાયો હતો. ટ્રાફિક નિયમોનું ગંભીર ઉલ્લંઘન કરી જાહેર માર્ગ પર અન્ય લોકોની સલામતીને જોખમમાં મુકવાના ગુનાને લઈને પોલીસે રીક્ષા-ચાલકને કડક ચેતવણી આપી અને પદાર્થપાઠ રૂપે તેની પાસે માફી પણ મંગાવી હતી. આ સાથે ટ્રાફિક શાખા પોલીસે નિયમ મુજબ તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આયુર્વેદ હોસ્પિટલમાં એક માસથી એક્સ-રે મશીન બંધ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં આયુર્વેદ ક્ષેત્રમાં વિશ્વ કક્ષાએ નામ ધરાવતી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઇન આયુર્વેદ એટલે કે ઈટ્રામાં છેલ્લા એક મહિનાથી વધુ સમય એક્સરે મશીન બંધ છે જેને કારણે દર્દીઓને હાલાકી નો સામનો કરવો પડી રહ્યો છે.વિશ્વ કક્ષાએ પોતાનું નામ ધરાવતી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઇન આયુર્વેદમાં છેલ્લા એક મહિનાથી મશીન બંધ હાલત છે. ઉલ્લેખનીય છે કે હોસ્પિટલમાં ઓપીડીમાં અનેક લોકો અહીં સારવાર કરાવવા માટે આવતા હોય છે. અત્યારે જરૂર પડે તે દર્દીઓને એક્સરે માટે કહેવામાં આવતું હોય છે પરંતુ અહીં બંધ હોવાથી દર્દીઓને જામનગરની સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવે છે પરંતુ કરમની કઠણાઈ તો એ છે.કે સરકારી જીજી હોસ્પિટલમાં પણ પોતાના જ દર્દીઓની સંખ્યા એટલી હોય છે કે કલાકો સુધી ઉભા રહ્યા બાદ પણ ઘણી વખત દર્દીઓને એક્સરેનો વારો આવતો નથી. આથી ના છૂટકે દર્દીઓને મસ મોટા રૂપિયા ખર્ચીને દર્દીઓને પ્રાઈવેટમાં એક્સરે પડાવવાની ફરજ પડી રહી છે જેને કારણે દર્દીઓની હાલાકી બેવડાય છે. આ અંગે તંત્રને પૂછ્વામાં આવતા જણાવ્યું હતું કે મશીનની રીપેરીંગ કામગીરી માટે પ્રોસેસ હાથ ધરવામાં આવી છે. મશીનના પાર્ટસ ખરાબ હોવાથી તેને બદલાવા પડે તેમ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

